# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-04-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી,પરેશ મારૂ,કલ્પના શાહ** વાંચે છે.

---

## કચ્છનું ચુંટણી ચિત્ર:

કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના સત્તાવાર પરિણામો જાહેર થઈ ચૂક્યા છે, જેમાં ભારતીય જનતા પાર્ટીએ જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકાઓ અને મોટાભાગની તાલુકા પંચાયતોમાં ભવ્ય વિજય મેળવ્યો છે

કચ્છ જિલ્લા પંચાયતની કુલ ૩૮ બેઠકોમાંથી ભાજપે ૩૩ બેઠકો પર વિજય મેળવ્યો છે અને કોંગ્રેસને ૪ બેઠકો પ્રાપ્ત થઈ છે, જ્યારે ૧ બેઠક અગાઉથી જ બિનહરીફ થઇ ગઇ હતી.

ગાંધીધામ મહાનગરપાલિકાની કુલ ૫૨ બેઠકોમાંથી ભાજપને ૪૦ અને કોંગ્રેસને ૧૧ બેઠકો મળી છે, જ્યારે ૧ બેઠક બિનહરીફ જાહેર થઈ હતી.

**નગરપાલિકાઓની વાત કરીએ તો** માંડવી નગરપાલિકામાં ભાજપે રેકોર્ડબ્રેક પ્રદર્શન કરતા તમામ ૩૬ બેઠકો કબ્જે કરી છે.

ભુજ નગરપાલિકાની ૪૪ બેઠકોમાંથી ભાજપને ૨૨, કોંગ્રેસને ૧૩ અને 3 બેઠકો એઆઇએમએમને અત્યાર સુધીના અધિકૃત મતગણતરીના આંકડાઓ મુજબ બેઠકો મળી છે, જ્યારે ૬ બેઠકો બિનહરીફ જાહેર થઇ હતી. અંજાર નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી 29 બેઠકો પર ચૂંટણી યોજાઇ હતી જેમાં ભાજપે ૨૦ અને કોંગ્રેસે ૯ બેઠકો મેળવી છે, જ્યારે ૭ બેઠકો બિનહરીફ હતી.

નખત્રાણા નગરપાલિકાની 28 બેઠકમાંથી 2 બેઠક બિનહરીફ થઇ હતી જ્યારે 26 બેઠકો પર ચૂંટણી યોજાઇ હતી જેમાં ભાજપને ૨૨ અને કોંગ્રેસને ૪ બેઠકો મળી છે.

મુન્દ્રા બારોઈ નગરપાલિકાની વાત કરીએ તો 28 બેઠકો માટે ચૂંટણી યોજાઇ હતી જેમાં ભાજપે ૧૯ અને કોંગ્રેસે ૯ બેઠકો પર જીત મેળવી છે.

તાલુકા પંચાયતોની વાત કરીએ તો રાપર તાલુકા પંચાયતની તમામ ૨૪ બેઠકોના પરિણામો જાહેર થયા છે, જેમાં ભાજપને ૨૧ અને કોંગ્રેસને ૨ બેઠકો મળી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ પણ ૧ બેઠક જીતીને પોતાનું ખાતુ ખોલાવ્યું છે.

ભુજ તાલુકા પંચાયતમાં કુલ ૩૨ બેઠકોમાંથી બે બેઠકો પર ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા અને ૩૦ બેઠકો પર ચુંટણી યોજાઇ હતી, જેમાં ભાજપને ૧૯ અને કોંગ્રેસને ૧૧ બેઠકો પ્રાપ્ત થઈ છે.

**ભચાઉની** ૨૦ બેઠકોમાંથી 3 બેઠક અગાઉથી જ બિનહરીફ જાહેર થઇ હતી આજે ૧૭ બેઠકોના પરિણામ જાહેર થયા છે, જેમાં ભાજપને ૧૬ અને કોંગ્રેસને ૧ બેઠક મળી છે, .

**અંજારમાં** ૨૦ બેઠકોમાંથી ૧૯ બેઠકોના પરિણામમાં ભાજપને ૧૪ અને કોંગ્રેસને ૫ બેઠકો મળી છે, જ્યારે ૧ બેઠક પર ઉમેદવાર બિનહરીફ રહ્યા હતા.

**માંડવીની** ૨૦ બેઠકોમાંથી 3 બેઠકો અગાઉથી જ બિનહરીફ જાહેર થઇ જતાં 17 બેઠકો પર ચૂંટણી યોજાઇ જેમાં ભાજપને ૧૩ અને કોંગ્રેસને ૪ બેઠકો પ્રાપ્ત થઈ છે.

**નખત્રાણાની** તમામ ૧૮ બેઠકો પર ચુંટણી યોજાઇ હતી, જેમાં ભાજપ-૧૧ અને કોંગ્રેસ-૭ બેઠકો પર વિજયી બન્યું છે.

**અબડાસાની** ૧૮ બેઠકો પૈકી ભાજપને ૧૧ અને કોંગ્રેસને ૭ બેઠકો મળી છે.

**મુન્દ્રાની 18 બેઠકોના** પરિણામ આજે જાહેર થતા ભાજપના ખાતામાં 10 અને 8 બેઠક કોંગ્રેસના ફાળે ગઇ છે.

**લખપતની** ૧૬ બેઠકોમાંથી ભાજપે ૯ બેઠકો અને કોંગ્રેસે ૭ બેઠકો મેળવી છે.

જિલ્લા પંચાયતની ચૂંટણીની વાત કરીએ તો ભાજપે જિલ્લા પંચાયતમાં પોતાનો પ્રભુત્વ અકબંધ રાખ્યો છે. જિલ્લા પંચાયતની કુલ 38 બેઠકોમાંથી એક બેઠક અગાઉથી બિનહરીફ જાહેર થઇ હતી અને 33 બેઠકો પર ભાજપ અને 4 બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિજયી બન્યા છે.

ચૂંટણી પરિણામોની શરૂઆત ભાજપ માટે શુકનવંતી રહી હતી, કારણ કે **ચીરઈ નાની** બેઠક પર પક્ષના ઉમેદવાર વાઘજી દેવકરણ છાંગા બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ભાજપના વિજેતા ઉમેદવારોમાં સૌથી વધુ મતો **ખેડોઈ** બેઠક પર જયશ્રીબેન ડાંગરને ૧૨,૭૩૩ મત મળ્યા છે, જ્યારે માધાપર બેઠક પર રમેશ ધનજી ચાડ ૧૨,૨૩૩ મતો સાથે વિજેતા બન્યા છે. ભીરંડિયારા, ચોબારી, ફતેગઢ અને કેરા જેવી મહત્વની બેઠકો પર પણ ભાજપના ઉમેદવારોએ ૧૦ હજારથી વધુ મતો મેળવીને પ્રભુત્વ સાબિત કર્યું છે.

---

## રાજ્યનું ચુંટણી ચિત્ર:

સમગ્ર રાજ્યની વાત કરીએ તો ભાજપે તમામ 15 મહાનગર પાલિકા પર કબ્જો મેળવ્યો છે.જયારે નગરપાલિકાઓમાંથી 76 પર ભાજ અને 8 પર કોંગ્રેસની સતા આવી છે. આ ઉપરાંત 34માંથી 33 જિલ્લા પંચાયત પર ભાજપનું શાસન આવ્યુ છે. 260 તાલુકા પંચાયતમાંથી ભાજપને ફાળે 253 અને 7માં કોગ્રેસ તથા આપને સત્તા મળી છે.

છેલ્લે મળેલી માહિતી મુજબ જો બેઠકવાર રાજ્યનું ચિત્ર જોઈએ તો રાજ્યની 15 મહાનગર પાલિકાઓની જાહેર થયેલ 920 બેઠકોમાંથી 837 ભાજપને જયારે 71 કોંગ્રેસને અને 12 આપ અને અન્યને મળી છે.

34 જિલ્લા પંચાયતની 1090 બેઠકોમાથી 998 બેઠકોના પરિણામ જાહેર થયા છે,જેમાંથી 824 બેઠકો પર ભાજપે જયારે 122 બેઠકો પર  કોંગ્રેસ અને 52 બેઠકો પર આમ આદમી પાર્ટી અને અન્યોએ જીત મેળવી છે.

260 તાલુકા પંચાયતોની વાત કરીએ તો જાહેર થયેલ 4694 બેઠકોમાંથી  3257 બેઠકો પર ભાજપ,904 બેઠકો પર કોંગ્રેસ અને આપ અને અન્યોએ  433 બેઠકો પર વિજય મેળવ્યો છે.

રાજ્યની 84 નગરપાલિકાઓની જાહેર થયેલી 2560 બેઠકોમાંથી 1933 ભાજપને, 450 બેઠકો કોંગ્રેસને જયારે 177 બેઠકો આપ અને અપક્ષને મળી છે

આમ રાજ્યની  મહાનગર પાલિકા,નગર પાલિકાઓ,જિલ્લા  પંચાયત તાલુકા પંચાયતની કુલ મળી 9,992 બેઠકોના જાહેર થયેલા પરિણામોમાંથી 6,951 બેઠકો ભાજપને,1,547 કોગ્રેસને જયારે આપ અને અન્યને  674 બેઠકો સાંપડી છે.

------------------------------------------------------------------------------------------------------------